ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૫૬/૨૦–૨૧/ 147 તારીખ : 11 JAN 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,

**શ્રી ગોહેલ જગદીશભાઈ હરીભાઈ,**
પ્લોટ નં–૩, મીરા પાન,
વર્ષા સોસાયટી સામે,
**મું. ભાવનગર.**

કેસ નં.૫૬/૨૦–૨૧

**મો.નં. ૯૯૨૫૨ ૦૯૨૩૮**

**વિષય : નવું વિજ કનેકશન ન મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૧/૧૦/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૧/૧૦/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૬/૨૦–૨૧/૩૭૧૫ તા.૨૭/૧૦/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૬/૨૦–૨૧/૪૨૮૩ તા.૧૫/૧૨/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૯/૧૨/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણઃ– ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર.

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, ખારગેટ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૫૬/૨૦–૨૧** ☜

વાદી :– **શ્રી ગોહેલ જગદીશભાઈ હરીભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૯/૧૨/૨૦૨૦** ◈

હાજર રહયા :– **શ્રી ગોહેલ જગદીશભાઈ હરીભાઈ – (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એસ.બી.વાઘમશી, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, ખારગેટ.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ગોહેલ જગદીશભાઈ હરીભાઈ, મું.ભાવનગર ની નવું વિજ કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૬/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૬/૨૦–૨૧/૩૭૧૫ તા.૨૭/૧૦/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૯/૧૨/૨૦૨૦** રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી ગોહેલ જગદીશભાઈ હરીભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.બી.વાઘમશી, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, ખારગેટ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**પ્રથમ રજૂઆત તા.૨૧/૧૦/૨૦૨૦ :**

અમો ફરીયાદીની અમારી પોતાની માલીકીની જમીન પર જે જુનાબંદર રોડ પર આવેલ સર્વે નં–૪૪૭/૧ ખાતે માછીમાર ની સાઈટ ઓફીસ આવેલ છે. તેમાં અમોએ વર્ષ–૨૦૧૯ દરમ્યાન નિયમો મુજબ નવું વિજ કનેકશન મેળવવા માટે અરજી કરેલ. તેને અત્યારે એક વર્ષ કરતાં ઉપર સમય વીતી ગયા હોવા છતાં, અમને કનેકશન આપેલ નથી. એક તરફ છેલ્લા છ માસ દરમ્યાન કોરોના ની મહામારી ચાલી રહી છે અને અમારા ધંધાના સ્થળે વિજ કનેકશન ન હોવાના કારણે અમોને ખૂબ જ આર્થિક નુકશાન થઈ રહયું છે. આ અંગે અગાઉ પીજીવીસીએલ કચેરી ને અરજી કરેલ. તેની સાથે અમારી પાસે ઉપલબ્ધ જમીન ફાળવણી નો હુકમ અને વર્ષ ૧૯૫૪ થી ૧૯૮૧ સુધીના જમીન અંગેના ભરેલ મહેસુલ વેરાની નકલો તથા અમારા નામનું બિલ – વસીયતનામું જે અમોને અમારા દાદાએ કરી આપેલ છે, તેની નકલો, ચૂંટણીકાર્ડ, આધારકાર્ડ, રેશનકાર્ડ,

લાઈટબિલ, પ્રોફેશનલ ટેકસ, જે ભાવનગર બી.એમ.સી. ને વર્ષ–૨૦૧૯–૨૦ ના ભરેલ ટેક્ષ ની નકલો રજૂ કરેલ છે. આ બાબતે પીજીવીસીએલ સબ ડિવિઝન ખારગેટે અમોને મૌખિક માં જણાવેલ છે કે, હાલ તમારી જમીન મીલ્કત જી.એમ.બી. વિભાગના સંચાલન માં આવે છે, તે માટે તેની એન.ઓ.સી. રજૂ કરો. અમોએ તેમની ઓફીસે જઈને રૂબરૂ જણાવેલ કે, અમોને અમારી જમીન મિલ્કત કેન્દ્ર સરકારે ફાળવેલ છે, તે બાબતનો દાવો કેસ ભાવનગર નામદાર કોર્ટ માં કેસ નં–૨૯૬૩/૨૦૧૯–૨૦ થી ચાલુ છે. જે જી.એમ.બી. વિભાગ વિરૂધ્ધ ચાલે છે. તેથી તે વિભાગ કચેરી અમોને એન.ઓ.સી. આપે નહી. આથી, આપ સાહેબ ને અમો એફીડેવીટ કરીને બાંહેધરી આપીએ છીએ કે, ભવિષ્યમાં ગમે ત્યારે નામદાર કોર્ટ નો હુકમ કે નિર્ણય અમારી વિરૂધ્ધમાં આવે તો, આપે આપેલ વિજ કનેકશન પરત જમા કરાવવા માટે અમો બંધાયેલા છીએ, તેવા પ્રકારની બાંહેધરી આપવા અમો તૈયાર છીએ. આ સાથે નામદાર ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સાહેબને પણ બાંહેધરી આપીએ છીએ.

આથી, આપ સાહેબ પાસે અમારી માંગણી અને દલીલ છે કે, અમારે અમારી જમીન મિલ્કત પર ધંધા રોજગાર ચાલે છે તે માટે વિજ કનેકશન ની ખૂબજ જરૂરીયાત હોય, તત્કાલ ધોરણે અમારો કેસ ચલાવીને આપ સાહેબ ન્યાયિક પ્રક્રિયાના ભાગરૂપે અમોને વિજ કનેકશનથી વંચિત પરિવારને નવું વિજ કનેકશન મળે તે અંગેનો હુકમ આપ સાહેબ કરશો તેવી આપ સાહેબ પાસે અમારી વિનંતી છે.

**<u>દ્વીતીય રજૂઆત તા.૨૮/૦૨/૨૦૨૦ રજુ કર્યા તારીખ ૨૯.૧૨.૨૦:</u>**

અમો અરજદારે અમારી પોતાની માલીકીની જમીન પર નવું વિજ કનેકશન મેળવવા માટે પીજીવીસીએલ સબ ડિવિઝન ખારગેટ વિભાગ કચેરીની પાસે વર્ષ–૨૦૧૯ દરમ્યાન કનેકશન અંગે માંગણી કરેલ. તેમ છતાં, પણ અમોને હજુ સુધી આપેલ નથી.

૧.૧ ત્યારબાદ, એક વર્ષથી વિકલ્પો પછી અમો અરજદારે સ્વાગત ફરીયાદ નિવારણ કલેકટર કચેરીમાં ગયા. ત્યાં પણ પીજીવીસીએલ વિભાગ તથા જી.એમ.બી.વિભાગ બંને હાજર હતા, અમો પણ હાજર રહયા. કલેકટર સાહેબે તા.૧૧/૧૧/૨૦૨૦ પ્રશ્ન નં–૪ સાંભળીને મંજૂર થયેલ કાર્યવાહી નોંધ અનુસાર કરવા જણાવેલ છે. તેમાં કબજાહકક ધરાવતા હોવાના પુરાવા રજૂ કરતાં, પીજીવીસીએલ ને આગળની કાર્યવાહી કરવાની સૂચના આપી.(કલેકટરશ્રી ના પત્ર ની નકલ સામેલ છે.) છતાં કોઈપણ કાર્યવાહી કરેલ નથી. પુરાવા નકલો સામેલ છે.

૧.૨ બાદ અમોને ખારગેટ સબ ડિવિઝન વિભાગે કહેલ કે, તમારી માલીકીની જમીન અંગેનું એન.ઓ.સી. જી.એમ.બી. કચેરી પાસે લાવી રજૂ કરો. તો, અમોએ જણાવેલ કે, અમોને જી.એમ.બી. વિભાગે જમીન ફાળવેલ નથી.વર્ષ–૧૯૫૪ માં બોમ્બે સ્ટેટ વખતે બંદર અધિકારીએ ફાળવેલ છે. તે અંગેનો નામદાર ભાવનગર કોર્ટ માં જી.એમ.બી. વિરૂધ્ધ અમારો કાયમી મનાઈ હુકમ મેળવવા અંગેનો દાવો ચાલે છે. આથી, જી.એમ.બી. વિભાગ અમોને એન.ઓ.સી. આપે નહી તેવું અમોએ જણાવેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L.

૧.૩ બાદ અમો અરજદારે ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ, ભાવનગર ગ્રાહક તકરાર નિવારણ ફોરમ બંનેને નોટરી વકીલ સમક્ષ બાંહેધરી અંગેનું એફીડેવીટ કરેલ. જેમાં, જો અમોને વિજ કનેકશન આપવામાં આવે તો અમારો ભાવનગર નામદાર કોર્ટમાં ચાલતો કેસ અમારી વિરૂધ્ધ નિર્ણય આવે તો, આપેલ વિજ કનેકશન પરત જમા કરવા માટે બાંહેધરી પત્ર આપેલ છે. કોપી આ સાથે સામેલ રાખેલ છે.

૧.૪ અમો અરજદારે ખારગેટ સબ ડિવિઝન પાસે માહિતી અધિકાર –૨૦૦૫ મુજબ માહિતી માંગેલ છે. તેમાં પણ જુના બંદર વિસ્તારમાં આપવામાં આવેલ વિજ કનેકશન અંગે રજૂ કરેલ તમામ એન.ઓ.સી.ની નકલો વિગેરે માંગેલ છે. છતાં પણ હુકમ હોવા છતાં, આપેલ નથી. અને અન્ય બહાના બનાવીને સત્યથી દૂર ભાગે છે.(હુકમ નકલ સામેલ છે.)

૧.૫ વધુમાં આપ સાહેબને જણાવવાનું કે, ગેરંટી માટે જો અમોને વિજ કનેકશન આપવામાં આવે તો અમો અરજદાર પોતે માલીકીનું સુભાષનગર,વર્ષા સોસાયટી સામે પ્લોટ નં–૪ માં ગ્રાહક નં–૩૦૩૦૫/૧૩૮૧૭/૦ પીજીવીસીએલ વિભાગમાં નોંધાયેલું છે. તેમાં કોઈપણ ઉપરોક્ત નવા વિજ કનેકશન અંગે રકમ ભરવાની થાય, તો આ ગ્રાહક નંબર પણ વિજ કંપની વસૂલ કરવા માટે પણ અમો બંધાયેલા છીએ.(બિલ ની નકલ સામેલ છે.)

૧.૬ વધુમાં, આપ સાહેબને જણાવવાનું કે, આપની વિજ કંપની કોઈને પણ વિજ કનેકશન સરકારી દબાણ ધરાવતા લારી ગલ્લાઓ, દુકાનો તથા કોઈપણ કબજાહકકો ધરાવતા બિનઅધિકૃત કબ્જેદારોને પણ જુનાબંદર વિસ્તારમાં અસંખ્ય વિજ કનેકશન આપેલા છે. તે પણ અમારા ઘ્યાને આવેલા છે.(તેમાંથી એક નકલ સામેલ છે.)

ઉપરોકત તમામ અમારી લેખિત ૧ થી ૬ દલીલ ધ્યાને લઈને ત્યારબાદ આપ સાહેબ યોગ્ય ન્યાયીક આદેશ કરશો તેવી અમો અરજદારની રજૂઆત છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ વાદીશ્રી દ્વારા ખારગેટ પેટા વિભાગીય કચેરી હેઠળ ના જુના બંદર, કેબલ સ્ટેડ બ્રિજ વાળા રોડ પર તા.૪/૬/૨૦૧૯ ના રોજ ધંધાકીય હેતુસર બાંધકામ માટે સીંગલ ફેઈઝ હંગામી કોમર્શીયલ વિજજોડાણ ની માંગણી કરવામાં આવેલ.

૨.૨ જે અન્વયે, વાદીશ્રી દ્વારા રજૂ કરાયેલ જગ્યાના આધાર પુરાવા ચકાસતાં, તેમાં સદર જગ્યા ગુજરાત મેરીટાઈમ બોર્ડ હસ્તકની હોય, રજૂ કરેલ ફાળવણી પત્રમાં નામ અને પ્લોટ નંબરની વિગતો સ્પષ્ટ વાંચી શકાતી ન હોય, તદઉપરાંત ફાળવણી હુકમ તા.૨૫/૩/૧૯૭૧ મુજબ તા.૧/૪/૧૯૭૧ થી તા.૩૧/૩/૧૯૭૨ સુધીની મુદત માટે જ ફાળવવામાં આવેલ હોય, હાલના માંગણી વાળા પ્લોટની છેલ્લી/તાજેતરની ભાડા પહોંચ, તથા જી.એમ.બી. નું '' ના વાંધા પ્રમાણપત્ર '' સામેલ ના હોય, આ તમામ ખૂટતા આધાર પુરાવા રજૂ કરતા અત્રેની ઓફીસ દ્વારા તા.૧૨/૬/૨૦૧૯ ના રોજ લેખિત પત્ર દ્વારા જણાવેલ. જે વાદીશ્રી દ્વારા આજદિન સુધી રજૂ કરેલ નથી.

૨.૩ કંપની ના પ્રવર્તમાન નિયમોનુસાર વાદીશ્રી દ્વારા વિજજોડાણ ની અરજી સાથે જીઈઆરસી સપ્લાય કોડ–૨૦૧૫ મુજબ ઉપરના પેરામાં દર્શાવેલ ખૂટતા દસ્તાવેજી આધાર પુરાવા અત્રેની કચેરીએ રજૂ કર્યેથી, વાદીશ્રી ની વિજ જોડાણ ની ત્વરીત કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨.૪ વધુમાં, વાદીશ્રી દ્વારા સદર નવા વિજજોડાણ અંગે મુખ્યમંત્રી ફરીયાદ નિવારણ કાર્યક્રમ '' સ્વાગત '' માં રજૂઆત કરેલ.

૨.૫ જેમાં, તા.૨૨/૧૦/૨૦૨૦ ના માન.કલેકટર સાહેબશ્રી ના અધ્યક્ષ સ્થાને જી.એમ.બી.ના અધિકારીઓ તથા વાદીશ્રી ની રૂબરૂમાં થયેલ ચર્ચા મુજબ સદર જગ્યા પર બિનઅધિકૃત રીતે પેશકદમી થયેલ હોય, જી.એમ.બી.ને સદર જગ્યા પરનું દબાણ હટાવી જગ્યા હસ્તગત કરવા જણાવેલ.

૨.૬ વાદીશ્રી ના જણાવ્યા અનુસાર તેમના દ્વારા સદર જગ્યા બાબતે જી.એમ.બી.સામે નામદાર કોર્ટ માં તકરાર હોય, જે હાલ ન્યાયાધીન હોય એટલે કે, સદર જગ્યાની માલીકી અંગે નિર્ણય ન્યાયાધીન હોય, તેવા સંજોગોમાં વાદીશ્રી ની નવા વિજ જોડાણ ની કાર્યવાહી હાથ ધરી શકાય નહી. જે કંપની ના પ્રવર્તમાન નિયમોને આધીન છે.

૨.૭ જીઈઆરસી સપ્લાય કોડ–૨૦૧૫ ના નોટીફીકેશન નં–૪.૫ મુજબ સરકાર કે સક્ષમ સતાધિકારીના નિયંત્રીત / પ્રતિબંધ ફરમાવતા આદેશ ના કેસમાં બિનઅધિકૃત વસાહતો/વિસ્તારોમાં વિજ જોડાણ મંજૂર થઈ શકશે નહી. જે નિયમોનુસાર અરજદારને સદર સ્થળ પર વિજ જોડાણ આપી શકાય નહી.

જે આપશ્રી ની નમ્ર જાણ તેમજ આગળની કાર્યવાહી સારૂં.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી ગોહેલ જગદીશભાઈ હરીભાઈ એ પ્રતિવાદી ની ભાવનગર ની ખારગેટ સબ ડિવિઝન માં જુના બંદર રોડ પર આવેલ સર્વે નં–૪૪૭/૧ ખાતે નવા હંગામી વિજજોડાણ માટે અરજી કરેલ. વાદીએ માંગેલ વિજજોડાણ જી.એમ.બી.(ગુજરાત મેરીટાઈમ બોર્ડ) ની સાઈટ પર માંગેલ છે.

૩.૨ પ્રતિવાદીએ GERC ના નોટીફીકેશન નં–૪/૨૦૧૫ ના કલોઝ નં–૪.૧૬ મુજબ વાદી પાસે જી.એમ.બી.નું NOC, એલોટમેન્ટ લેટર રજૂ કરવા જણાવેલ. વાદીએ જી.એમ.બી ના એલોટમેન્ટ લેટર રજૂ કરેલ, જે અવાચ્ય હોઈ, એલોટમેન્ટ ના સમય અંગેની તેમજ કોને એલોટ કરેલ, તે અંગેની કોઈ સ્પષ્ટ માહિતી વાંચી શકાતી નથી.આજરોજ સુનાવણી દરમ્યાન ફોરમે વાદીને અસલ ફાળવણી ના ઓર્ડર રજૂ કરવા જણાવેલ, જે તેઓ રજૂ કરી શકયા નહી તેમજ જી.એમ.બી.નું NOC આપવા માટે પણ અસમર્થ છે, તેવું જણાવેલ.

૩.૩ પેરા નં–૩.૨ મુજબ વાદી તેના હંગામી વિજ જોડાણ માટે પ્રતિવાદી એ માંગેલ જરૂરી ડોકયુમેન્ટસ, આધાર પુરાવા રજૂ કરેલ ન હોઈ, વાદીને વિજ જોડાણ માટેની કાર્યવાહી આગળ થઈ શકે નહી. આથી,વાદીની અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૩ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

ગેરહાજર

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી.એમ.આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કંુ.લી.:ભાવનગર.**

તારીખ :– **૨૯/૧૨/૨૦૨૦.**

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.